| | | | |
|---|---|---|---|
| GJAR040007162023 | सत्यमेव जयते | કેસ દાખલ થયાની તા. | ૦૭/૦૨/૨૦૨૩ |
| | | કેસ રજીસ્ટર્ડ થયાની તા. | ૦૭/૦૨/૨૦૨૩ |
| | | ઠરાવ જાહેર થયાની તા. | ૦૩/૦૪/૨૦૨૬ |
| | | સમયગાળો : વર્ષ–૦૩ મહિનો–૦૧ , દિવસ–૨૭ | |

-----------------------------------

**મેઘરજ તાલુકાના મહેરબાન એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ સમક્ષ**

-----------------------------------

**ક્રિમીનલ કેસ નંબર– ૬૯૪/૨૦૨૩**

**આંક–**

-----------------------------------

**ફરીયાદી:** શ્રી સરકાર

મેઘરજ પો. સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૮૮૦૦૭૨૧૦૪૭૫/૨૦૨૧

**વિરુધ્ધ**

**આરોપીઓ :** (૧)મોતીલાલ બદાજી કોટેડ

રહે.(ઓડેદરા ફલા) દેવલ,તા.જી.ડુંગરપુર(રાજસ્થાન)

(૨)કપીલભાઈ લક્ષ્મણભાઈ કોટેડ

રહે.(આહેટા ફલા) દેવલ,તા.જી.ડુંગરપુર(રાજસ્થાન)

-----------------------------------

**ગુન્હો:– ગુજરાત પ્રોહીબિશન અધિનીયમની કલમ – ૬૫ (એ)(એ),૧૧૬(બી),૮૧ મુજબ**

-----------------------------------

ફરિયાાદ પક્ષ તરફે વિ. એ.પી.પી.શ્રી એ. એન. સૈની

**આરોપી વિરૂધ્ધ સી.આર.પી.સી. કલમ–૨૯૯ મુજબ કાર્યવાહી થયેલ છે.**

-----------------------------------

**-: <u>જજમેન્ટ</u> :-**

(૧) આ કામના ફરીયાાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, કોલમ નંબર ૧ મા જણાવેલ આરોપીએ મોજે ઉન્ડવા ચેક પોસ્ટ ખાતે તા-૧૯/૧૦/૨૦૨૧ ના કલાક ૧૫/૧૫ વાગે તે એવી રીતે કે આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારી કરી પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસપરમીટે પોતાના અંગ કબ્જામાંથી અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો નંગ-૧૩ કિં.રૂ-૧૪,૧૦૦/-તથા મોબાઇલ કિં.રૂ-૫૦૦/- નો મળી કુલ મુદ્ધામાલ કિં.રૂ-૧૪,૬૦૦/- નો રાખી હેરાફેરી કરતા મળી આવી પકડાય જઈ ગુન્હો કર્યા બાબતે.આરોપી વિરુધ્ધ ધી પ્રોહીબીશન અએક્ટની કલમ : ૬૫ (એ)(એ),૧૧૬(બી),૮૧ મુજબના ગુના સબબનુ ચાર્જશીટ નામદાર કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

(૨) તપાસ કરનાર અમલદારે ચાર્જશીટ રજુ કરતા, સંહિતાની કલમ-૧૯૦(૧) (બી) પ્રમાણે આરોપી સામેના આક્ષેપીત ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ સંહિતાની કલમ-૨૦૪ અન્વયે સમન્સ કાઢવામાં આવેલ હતા. પરંતુ સને-૨૦૨૩ નો ગુન્હો હોય તેમ છતાં સને-૨૦૨૬ સુધી ફરિયાદપક્ષની પોલીસ એજન્સી આરોપી વિરૂધ્ધ પ્રોસેસ બજવણી કરી આરોપીને અદાલતમાં હાજર રખાવવામાં નિષ્ફળ રહેલ હતી. જેથી, આરોપી વિરૂધ્ધ સી. આર. પી. સી. કલમ ૨૯૯ અન્વયે કાર્યવાહી ચલાવવા હુકમ કરવામાં આવેલ.

( ૩ ) ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ સાબીત કરવા માટે નીચે મુજબના પુરાવાઓ નોંધવામાં આવેલ છે.

**// મૌખિક તથા દસ્તાવેજી પુરાવા //**

| અ.નં. | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ફરીયાદી શૈલેષકુમાર કાળુભાઈની જુબાની | ૦૭ |
| ૦૨ | ફરીયાદ | ૦૮ |
| ૦૩ | સાહેદ રાજેશકુમાર સોમાભાઈ ની જુબાની | ૦૪ |
| ૦૪ | ત.ક.અ. અર્જુનસિંહ કકલદાનની જુબાની | ૧૧ |
| ૦૫ | પંચ સાહેદ રમેશભાઈ ભુપતાભાઈ ડામોરની જુબાની | ૦૯ |
| ૦૬ | પંચનામુ | ૧૦ |

(૪) આ કામે ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપી વિરૂધ્ધ સી.આર.પી.સી. કલમ–૨૯૯ મુજબ કાર્યવાહી થયેલ હોય, આરોપીઓનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ સદર કામ બંને પક્ષોની દલીલ પર રાખવામાં આવેલ છે.

(૫) કેસનાં નિર્ણય માટે નીચેનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, સદર કામના આરોપીએ ધી પ્રોહી. એકટની કલમ– ૬૫ (એ)(એ),૧૧૬(બી),૮૧ મુજબ શીક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**–: કારણો :–**

(૭) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષનો પુરાવો લેવામાં આવેલ. આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરતાં જોઈએ તો, આ કામે આંક – ૦૯ થી પંચસાહેદ રમેશભાઈ ભુપતાભાઈ ડામોરનાઓને ફરીયાદપક્ષ ધ્વારા તપાસવામાં આવેલાં છે. પરંતુ સદર પંચસાહેદ તેમની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતું ન હોય ફરીયાદપક્ષ ધ્વારા સદર પંચને ફરી ગયેલાં જાહેર કરવાની અરજ કરતાં આ કામના પંચસાહેદ ને ફરી ગયેલાં જાહેર કરવામાં આવેલાં છે અને ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન પુરુ પાડેલ નથી. આંક– ૧૦ થી મુદ્દામાલ કબજે કર્યાનુ પંચનામાને રજુ કરવામાં આવેલ છે. જે ફરીયાદપક્ષને મદદરૂપ થઈ શકે નહીં.

ત્યારબાદ આ કામનાં ફરીયાદી શૈલેષકુમાર કાળુભાઈને આંક – ૦૭ થી તપાસેલ છે. તેઓએ તેમની જુબાનીમાં ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે. તેમણે તેમની જુબાનીમાં એ હકીકત કબૂલ રાખેલ છે કે, હું ગત તા.૧૯/૧૦/૨૧ ના રોજ મેઘરજ પો.સ્ટે ખાતે આપોકો તરીકે ફરજ બજાવતો હતો ત્યારે હું તથા અપોકો રાજેશકુમાર સોમાભાઈ, અપોકો શશીકાંન નવજીભાઈ, અહેકો અર્જુનસિંહ કકલદાન સાથે ઉન્ડવા ચેક પોસ્ટ ઉપર વાહન ચેકીંગમાં હતા તે દરમિયાન રાજસ્થાન તરફથી ડુંગરપુર અમદાવાદ એકસપ્રેસ આવતાં તેને રોકાવી ચેક કરતાં બે ઈસમો શરીરે પીઠના ભાગે કોલેજ બેગ ભરાવી બેઠા હતા જેઓને બસમાંથી નીચે ઉતારી નજીકમાંથી બે પંચના માણસો બોલાવી સાથે રાખી તેઓ રૂબરૂ સદર ઈસમો પૈકી એકનું ંનામઠામ પુછતાં પોતાનું નામ મોતીલાલ બદાજી કોટેડ રહે. આડેદરા ફલા, દેવલ, ડુંગરપુર, રાજસ્થાનનો જણાવેલ જેની અંગજડતી કરતાં શર્ટની અંદરના ભાગે મેગડોલ્સ નંબર વન ડીલક્ષ વ્હીસ્કી રાજસ્થાન બનાવટની ૭૫૦ મીલી ની કંપની શીલબંધ બોટલ નંગ–૭ કુલ કિ.રૂા. ૪૨૦૦/– ની બાંધેલ મળી આવેલ તથા

બીજા ઈસમનું નામઠામ પુછતાં પોતાનું નામ કપીલભાઈ લક્ષ્મણભાઈ કોટેડ રહે. ઉપર મુબજનો હોવાનું જણાવેલ જેની અંગ જડતી કરતાં પહેરેલ શર્ટના અંદરના ભાગે રેડ લેબલ બ્લેન્ડેડ સ્કોચ વ્હીસ્કી રાજસ્થાન બનાવટની ૭૫૦ મીલી ની કંપની શીલબંધ બોટલ નંગ–૩ કુલ કિ.રૂા. ૪૮૦૦/– તથા બેલ ેન્ટાઈન ફીનેસ્ટ બ્લેન્ડેડ સ્કોચ વ્હીસ્કી રાજસ્થાન બનાવટની ૭૫૦ મીલી ની કંપની શીલબંધ બોટલ નંગ–૩ કુલ કિ.રૂા. ૫૧૦૦/– ની બાંધેલ મળી આવેલ અને એક સેમસંગ કંપનીનો મો.ફોન એરટેલ કંપનીના સીકાર્ડ સાથેનો કિ.રૂા. ૫૦૦/– નો મળી આવેલ જે લાવવા બાબતે તેઓ પાસેથી પાસપરમીટ માંગતા નહી હોવાનું જણાવતાં તમામ પ્રોહી મુદદમાલ તથા મોબાઈલ વિગતવારનુ પંચનામુ કરી કબજે લીધેલ અને સદર ગુન્હા બાબતે અમોએ પી.એસ.ઓ. એ.એસ.આઈ. જયંતીભાઈ કોદરભાઈ રુબરુ ફરીયાદ આપેલ. જે ફરીયાદની ખરી નકલ મને બતાવવમા આવે છે તે જોઈને કહુ છુ તેમા મારી સહી છે જે ફરીયાદ રજુ દાખલ આંક. ૦૮ આપવામા આવે છે.

ત્યારબાદ આ કામનાં ત.ક.અ અર્જુનસિંહ કકલદાન ને આંક –૧૧ થી તપાસેલ છે. તેઓએ તેમની જુબાનીમાં ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે. તેમણે તેમની જુબાનીમાં એ હકીકત કબૂલ રાખેલ છે કે, હું ગત તા.૧૯/૧૦/૨૧ ના રોજ મેઘરજ પો.સ્ટે ખાતે અહેકો તરીકે ફરજ બજાવતો હતો ત્યારે હું તથા અપોકો રાજેશકુમાર સોમાભાઈ, અપોકો શૈલેષકુમાર કાળુસિહ, અપોકો શશીકાંન નવજીભાઈ સાથે ઉન્ડવા ચેક પોસ્ટ ઉપર વાહન ચેકીંગમાં હતા તે દરમિયાન રાજસ્થાન તરફથી ડુંગરપુર અમદાવાદ એકસપ્રેસ આવતાં તેને રોકાવી ચેક કરતાં બે ઈસમો શરીરે પીઠના ભાગે કોલેજ બેગ ભરાવી બેઠા હતા જેઓને બસમાંથી નીચે ઉતારી નજીકમાંથી બે પંચના માણસો

બોલાવી સાથે રાખી તેઓ રૂબરૂ સદર ઈસમો પૈકી એકનું નામઠામ પુછતાં પોતાનું નામ મોતીલાલ બદાજી કોટેડ રહે. આડેદરા ફલા, દેવલ, ડુંગરપુર, રાજસ્થાનનો જણાવેલ જેની અંગજડતી કરતાં શર્ટની અંદરના ભાગે મેગડોલ્સ નંબર વન ડીલક્ષ વ્હીસ્કી રાજસ્થાન બનાવટની ૭૫૦ મીલી ની કંપની શીલબંધ બોટલ નંગ–૭ કુલ કિ.રૂા. ૪૨૦૦/– ની બાંધેલ મળી આવેલ તથા બીજા ઈસમનું નામઠામ પુછતાં પોતાનું નામ કપીલભાઈ લક્ષ્મણભાઈ કોટેડ રહે. ઉપર મુબજનો હોવાનું જણાવેલ જેની અંગ જડતી કરતાં પહેરેલ શર્ટના અંદરના ભાગે રેડ લેબલ બ્લેન્ડેડ સ્કોચ વ્હીસ્કી રાજસ્થાન બનાવટની ૭૫૦ મીલી ની કંપની શીલબંધ બોટલ નંગ–૩ કુલ કિ.રૂા. ૪૮૦૦/– તથા બેલેન્ટાઈન ફીનેસ્ટ બ્લેન્ડેડ સ્કોચ વ્હીસ્કી રાજસ્થાન બનાવટની ૭૫૦ મીલી ની કંપની શીલબંધ બોટલ નંગ–૩ કુલ કિ.રૂા. ૫૧૦૦/– ની બાંધેલ મળી આવેલ અને એક સેમસંગ કંપનીનો મો.ફોન એરટેલ કંપનીના સીકાર્ડ સાથેનો કિ.રૂા. ૫૦૦/– નો મળી આવેલ જે લાવવા બાબતે તેઓ પાસેથી પાસપરમીટ માંગતા નહી હોવાનું જણાવતાં તમામ પ્રોહી મુદદમાલ તથા મોબાઈલ વિગતવારનુ પંચનામુ કરી અમોએ પંચો રુબરુ કબજે લીધેલ જે પંચનામાની ખરી નકલ મને બતાવવામા આવે છે તેમા પંચોની મારી રુબરુ સહી તથા અંગુઠાનુ નીશાન છે જે ઓળખી બતાવુ છુ જે પંચનામુ રજુ દાખલ આંક.૧૦ આપવામા આવે છે. સદર ગુન્હા બાબતે આપોકો શૈલેષકુમાર કાળુસિહનાઓએ પી.એસ.ઓ. એ.એસ.આઈ. જયંતીભાઈ કોદરભાઈ રુબરુ ફરીયાદ આપેલ. જે ફરીયાદ મેઘરજ પો.સ્ટે.ગુના રજી. નં.૧૧૧૮૮૦૦૭૨૧૦૪૭૫/૨૧ પ્રોહી એકટ કલમ–૬૫ એએ, ૧૧૬બી, ૮૧ મુજબ નોધી આગળની તપાસ અમોને મળતા અમોએ તપાસ સભાળી લઈ લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલા આરોપીઓને અટક કરી નામ. કોર્ટમા રજુ કરેલ ત્યારબાદ તપાસના કાગળો ઘ્યાને લેતા આરોપી વિરુઘ પુરતો પુરાવો

જણાઈ આવતા નામ. કોર્ટ મા ચાર્જશીટ કરેલ.

ત્યારબાદ આ કામનાં સાહેદ રાજેશકુમાર સોમાભાઈ ને આંક – ૦૪ થી તપાસેલ છે. તેઓએ તેમની જુબાનીમાં ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે. તેમણે તેમની જુબાનીમાં એ હકીકત કબૂલ રાખેલ છે કે,હું ગત તા.૧૯/૧૦/૨૧ ના રોજ મેઘરજ પો.સ્ટે ખાતે અપોકો તરીકે ફરજ બજાવતો હતો ત્યારે હું તથા આપોકો શૈલુશકુમાર કાળુસિંહ, અપોકો શશીકાં ન નવજીભાઈ, અહેકો અર્જુનસિંહ કકલદાન સાથે ઉન્ડવા ચેક પોસ્ટ ઉપર વાહન ચેકીંગમાં હતા તે દરમિયાન રાજસ્થાન તરફથી ડુંગરપુર અમદાવાદ એકસપ્રેસ આવતાં તેને રોકાવી ચેક કરતાં બે ઈસમો શરીરે પીઠના ભાગે કોલેજ બેગ ભરાવી બેઠા હતા જેઓને બસમાંથી નીચે ઉતારી નજીકમાંથી બે પંચના માણસો બોલાવી સાથે રાખી તેઓ રૂબરૂ સદર ઈસમો પૈકી એકનું ાનામઠા પુછતાં પોતાનું નામ મોતીલાલ બદાજી કોટેડ રહે. આડેદરા ફલા, દેવલ, ડું ગરપુર, રાજસ્થાનનો જણાવેલ જેની અંગજડતી કરતાં શર્ટની અંદરના ભાગે મેગડોલ્સ નંબર વન ડીલક્ષ વ્હીસ્કી રાજસ્થાન બનાવટની ૭૫૦ મીલી ની કંપની શીલબંધ બોટલ નંગ–૭ કુલ કિ.રૂા. ૪૨૦૦/– ની બાંધેલ મળી આવેલ તથા બીજા ઈસમનું નામઠામ પુછતાં પોતાનું નામ કપીલભાઈ લક્ષ્મણભાઈ કોટેડ રહે. ઉપર મુબજનો હોવાનું જણાવેલ જેની અંગ જડતી કરતાં પહેરેલ શર્ટના અંદરના ભાગે રેડ લેબલ બ્લેન્ડેડ સ્કોચ વ્હીસ્કી રાજસ્થાન બનાવટની ૭૫૦ મીલી ની કંપની શીલબંધ બોટલ નંગ–૩ કુલ કિ.રૂા. ૪૮૦૦/– તથા બેલેન્ટાઈન ફીનેસ્ટ બ્લેન્ડેડ સ્કોચ વ્હીસ્કી રાજસ્થાન બનાવટની ૭૫૦ મીલી ની કંપની શીલબંધ બોટલ નંગ–૩ કુલ કિ.રૂા. ૫૧૦૦/– ની બાંધેલ મળી આવેલ અને એક સેમસંગ કંપનીનો મો.ફોન એરટેલ કંપનીના સીકાર્ડ સાથેનો કિ.રૂા. ૫૦૦/– નો મળી આવેલ જે લાવવા બાબતે તેઓ પાસેથી પાસપરમીટ માંગતા નહી હોવાનું જણાવતાં

તમામ પ્રોહી મુદદમાલ તથા મોબાઈલ વિગતવારનુ પંચનામુ કરી કબજે લીધેલ અને સદર ગુન્હા બાબતે આપોકો શૈલેશકુમાર કાળુસિંહનાઓએ ફરીયાદ આપેલ તકશ્રીએ મારો જવાબ લીધેલ.

આ કામે પડેલ પુરાવો તથા ફરીયાદી તથા પંચની જુબાની ધ્યાનમાં લેવામાં આવે તો, આ કામે પંચ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતાં નથી. વધુમાં આ કામે ઉપરોકત સંજોગો ધ્યાને લેતા\ SATHISH MEHRA VS DELHI ADMINISRATION 96 (3) CRIMES,85 નાં ચુકાદામાં નામ.ઉચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ જયારે મહત્વના સાહેદોએ ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય, ત્યારે બાકીના સાહેદોને તપાસવાની Formality પુરી કરવાની જરૂર નથી. અને વધુમાં નામ.સર્વોચ્ચ અદાલતે એવુ પણ નિરીક્ષણ કરેલ છે કે, when Judge is fairy certain that there is no prospect of case ending in conviction valuable time of Court should not be wasted for holding a only for proposes of formally completing the proposes to provision the conclusion on future date. વધુમાં જયારે વિદેશી દારૂ હોય ત્યારે દરેક બોટલો ઉપર પંચોની સહી લેવી જોઈએ. જો દરેક બોટલ ઉપર પંચોની સહી લેવામાં આવેલ ન હોય, ત્યારે **જી.એલ.આર. ૧૯૯૧(૧) પેજ નં. ૪૪૩ (ધીરજલાલ ગાંડાલાલ વિ.સ્ટેટ ઓફ ગુજરાત)** ના ચુકાદામાં નામ.હાઈકોર્ટે ઠરાવ્યા મુજબ બોમ્બે પ્રોહી. કલમ-૧૧૬(બી) મુજબનુ અનુમાન કરી શકાય નહીં. વધુમાં પ્ર ોહી.કલમ-૧૧૬ (બી) મુજબ જયારે આરોપીઓ પાસેથી નામી બ્રાન્ડની બોટલો મળી આવેલ હોય, ત્યારે પૃથ્થકરણની જરૂરીયાત રહેતી નથી. પરંતુ તે માટે પંચોની સહીવાળી કાપલી ધ્વારા બોટલો શીલ કરવી જોઈએ અને જો તે રીતે શીલ કરવામાં આવેલ ન હોય અને પંચોએ ફરીયાદપક્ષને સમર્થન કરેલ ન હોય, પ્રોહી.કલમ-૧૧૬(બી) મુજબનું અનુમાન થઈ શકે નહી.

વધુમાં આવા પ્રકારના ગુનામાં ફરીયાદપક્ષે કઈ–કઈ હકીકત પુરવાર કરવી પડે તે અંગે નામ.હાઈકોર્ટ **૧૯૯૨(૨) જી.એલ.એમ.(યુ.જે.૨૦) ગુલાબ રણછોડ વિ.ગુજરાત રાજય** ના કેસમાં નીચે મુજબના તત્વો ફરીયાદપક્ષે સાબિત કરવા પડે,

૧) આરોપીના કબ્જામાંથી શીલબંધ બોટલો મળી આવેલ,

૨) આવી શીલબંધ બોટલો ઉપર કંપનીનું અસલ લેબલ હતુ,

૩) આવુ લેબલ જાણીતી દારૂની બ્રાન્ડનુ તેમાં વ્હીસ્કી, બ્રાન્ડી દર્શાવતુ હોવુ જોઈએ. અને તેના ઉપર ઉત્પાદકનું નામ દર્શાવેલ હોવુ જોઈએ.

આમ, ઉપરોકત પરીપેક્ષમાં આ કેસમાં મૂલ્યાંકન કરતા જોઈએ તો, બોટલો કઈ બ્રાન્ડ ની હતી તથા તે બોટલ ઉપર કંપનીનું નામ જણાવવામાં આવેલ હોય તેવુ તથા સદરહુ બોટલોનું શીલ અસલ હોવા બાબતે કોઈ વેરીફીકેશન કરવામાં આવેલ હોય તેવુ તથા તે બોટલની કંપનીના કોઈ અધિકારીનું નિવેદન લેવામાં આવેલ હોય તે બાબતે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આમ, આરોપીના સભાન કબ્જામાંથી દારૂ મળી આવેલ હોય તેવો પુરાવો ફરીયાદપક્ષે નિ:શંકપણે રજુ થયેલ નથી. આમ, ઉપર ચર્ચા કર્યા પ્રમાણે આ હકીકત ફરીયાદપક્ષે સાબિત કરવી જોઈએ, જે સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે કે, મુદ્દામાલ બોટલો કંપની શીલપેક લેબલવાળી શીલબંધ હતી અને બોટલોમાં પ્રતિબંધિત કેફી પીણુ હતુ. આમ, આરોપીઓને ગુનાના કામે સાંકળતો કોઈ મહત્વનો પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. ત્યારે માત્ર પોલીસ સાહેદોની જુબાની ઉપર આધાર રાખીને આરોપીઓને સજા કરી શકાય નહીં. આમ, આરોપીઓને ગુનાના કામે સાંકળતો કોઈ મહત્વનો પુરાવો

ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. આમ, ઉપરોકત સંજોગો અને હકીકતોને ધ્યાનમાં લેવામા આવે તો ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ તેમ ન હોય તેથી ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**<u>-: આખરી હુકમ :-</u>**

**(૧)** આ કામે મેઘરજ પો. સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૮૮૦૦૭૨૧૦૪૭૫/૨૦૨૧ ના કામે (૧)મોતીલાલ બદાજી કોટેડ, રહે.(ઓડેદરા ફલા) દેવલ,તા.જી.ડુંગરપુર(રાજસ્થાન) (૨)કપીલભાઈ લક્ષ્મણભાઈ કોટેડ, રહે.(આહેટા ફલા) દેવલ, તા.જી.ડુંગરપુર(રાજસ્થાન) નાઓને ક્રિ.પ્રો. કોડની કલમ -૨૪૮(૧) હેઠળ પ્રોહીબીશન એકટની કલમ- ૬૫(એ)(એ),૧૧૬(બી),૮૧ મુજબનાં સજાને પાત્ર ગુન્હાંમાંથી પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૧.૧)** ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ ની કલમ-૨૯૯ સાથે વાંચતા કલમ-૩૫૩(૬) મુજબ આરોપીની ગેરહાજરીમાં આ ચુકાદો જાહેર કરવામાં આવેલ છે.

**(૨)** આ કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ મોબાઈલ ફોન અંગે જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો, તે કાયમ કરવામાં આવે છે અને તેમાં મુકેલ શરતો અપીલ સમય બાદ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો મુદ્દામાલ મોબાઈલ ફોન સંબંધે કોઇ વચગાળાનો હુકમ કરવામાં આવેલ ન હોય તો સદર કામે કબ્જે કરેલ મુદ્દામાલ મોબાઈલ ફોન અપીલ સમય બાદ નીયમોનુસાર મુળ માલીકની ખરાઇ કરી પરત કરવાનો હુકમ કરવામા આવે છે.

**(૨.૧)** આ કામે કબજે કરેલ મુદ્દામાલ દારૂ સેન્ટ્રલ એકસાઈઝ કચેરી, મોડાસાને નિયમોનુસાર યોગ્ય નિકાલ અર્થે અપીલ સમય બાદ

મોકલી આપવો.

(૩) આરોપીએ ટ્રાયલ દરમીયાન રજુ રાખેલ જામીન ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ–૪૮૧ મુજબ ૬ માસ સુધી સદર જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને ત્યારબાદ સદર જામીન રદ્દ થયેલ ગણાશે.

આ હુકમ આજ તારીખ–૦૩જી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ નાંરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી તેમજ સીક્કો કરીને જાહેર કરવામાં આવ્યો.

| | |
|---|---|
| **તા. ૦૩/૦૪/૨૦૨૬**<br>**સ્થળ : મેઘરજ** | **(હિમોરસિંહ મનુભાઈ પરમાર)**<br>**એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**<br>**મેઘરજ**<br>**(કોડ નં. જી.જે.૦૧૨૭૬)** |